
## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



આ લોકો આપણા ઉપર કેટલો ત્રાસ કરે છે એ નથી લખતા... પણ ગાંધીનગરમાં વાંદરાઓનો ત્રાસ છે એવું લખે છે...!!

### નાગરિકોની પરેશાનીઓ અંગે કોર્પોરેટરોની સુવિધા મુલાકાત

ગાંધીનગરના સેક્ટર-૩ માં છેલ્લાં કેટલાંક સમયથી સુવિધા કચેરી ખાતેની સેવાઓમાં લાલિયાવાડીના કારણે નાગરિકો અનેક પ્રકારની પરેશાનીઓ તથા મુશ્કેલીઓનો ભોગ બની રહ્યાં હતા. આ બાબતે સે. ૩ સહિત વોર્ડ નં. ૯ ના સ્થાનિક અગ્રણીઓ અને કોર્પોરેટરો દ્વારા સુવિધા કચેરી ખાતે સ્ટાફ સાથે બેઠક યોજીને નાગરિકોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા દરમ્યાન સુવિધા કચેરીના રજીસ્ટરોની ચકાસણી કરી પેન્ડિંગ રહેલા કાર્યો બાબતે સ્ટાફ સાથે રહીને જરૂરી કાર્યવાહી કરવા કોર્પોરેટરોએ સૂચના આપી હતી.

# શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના બિલ વિતરણ માટે હવે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે

**એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઇન નાંખવાનુ કામ શરૂ કરાયુ છે જયારે પાણી વિતરણ પાછળ પણ પ્રતિવર્ષ કરોડો રૂપિયા ખર્ચાય છે છતા વેરા વસુલાતનો આંકડો નબળો**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના બિલ વિતરણ માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે. શહેરમાં પાણી ગટર વેરા વસુલાત સંદર્ભે દરવર્ષે બાકીદારો વેરો ચુકવવામાં ઉદાસીનતા દાખવે છે જેના લીધે વસુલાતનો આંકડો માંડ ૪૫ ટકા સુધી પહોંચે છે જેના લીધે તંત્રએ બાકીદારોને નોટીસ આપવાની પણ ફરજ પડે છે. વેરા વસુલાત ઝુંબેશ અન્વયે દર વર્ષે ફેબ્રુઆરી મહીનામાં બીલ વિતરણ કરવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વેરા વસુલાત માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે જેને અનુલક્ષી હવે ટુંકમાં આ મામલે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગરમાં ઘરે ઘરે પાણી પહોંચતુ કરવા માટે સરકાર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પાણી વિતરણ વ્યવસ્થા પણ ખર્ચાળ બની છે. જયારે હવે સ્માર્ટ સીટીની યોજના અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ પાઈપલાઈન નવી નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે આગામી બે વર્ષમાં શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠો સપ્લાય થશે. જયારે હાલ જુની માળખાગત સુવિધા વચ્ચે સેકટરોમાં પાણીની ખેંચ ઉભી ન થાય તે માટે પર્યાપ્ત સપ્લાય આપવામાં આવે છે. શહેરમાં એક અંદાજ મુજબ ૫૫ એમ એલ ડી થી વધુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે સમગ્ર દેશમાં ગાંધીનગરમાં પાણીનો વપરાશ પણ વધુ છે. ત્યારે પાણી વિતરણ વ્યવસ્થા પાછળ થતા ખર્ચના અંતે પણ સેકટરવાસીઓ વેરો ચુકવવામાં ઉદાસીનતા સેવી રહ્યા છે. શહેરમાં પાણી ગટર વેરાના જોડાણકર્તાઓ પાસેથી પ્રતિવર્ષ માર્ચ મહીનામાં વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે આ માટે ફેબ્રુઆરી મહીનામાં બીલ વિતરણ કરી દેવામાં આવે છે. શહેરના સેકટરોમાં અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જો કે વેરા વસુલાત અન્વયે પ્રતિવર્ષ માંડ ૪૦ થી ૪૫ ટકા જ કામગીરી થઈ શકે છે. જયારે બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે તંત્ર દ્વારા નોટીસ પણ આપવામાં આવે છે. ગત વર્ષની વસુલાતના અંતે જુના સેકટરોમાં જ અંદાજિત ૨૨૦૦ જેટલા બાકીદારોને વેરો ચુકવવા માટે નોટીસ આપવામાં આવી હતી. જો કે નોટીસના અંતે પણ વેરાની નોંધપાત્ર રકમની વસુલાત થાય છે. આ વર્ષે પણ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે બિલ વિતરણની વ્યવસ્થાને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે આગામી ફેબ્રુઆરી મહીનામાં બીલ વિતરણના અંતે માર્ચમાં અંદાજિત સવા બે કરોડથી વધુ રકમના માંગણા સંદર્ભે વસુલાત ઝુંબેશ હાથ ધરાશે. શહેરમાં વર્ષોથી પાણી ગટર વેરાની ઝુંબેશ સંદર્ભે અસરકારક કામગીરી થઈ શકી નથી ત્યારે હવે પાણી ગટર વેરાની નોંધપાત્ર વસુલાત માટે તંત્રએ કડક પગલા લેવા પડશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. વર્ષો અગાઉ તંત્રના કર્મચારીઓએ પાવડો અને કોદાળી હાથમાં રાખી વસુલાત માટે કડક રાહ અપનાવી હતી જો કે આ કિમીયો અસરકારક પુરવાર થયો હતો જેના લીધે બાકીદારો પાસેથી તગડી વસુલાત કરી શકાઈ હતી.

## ખૂણેખાંચરેથી

- આગામી ૧૪-૧૫-૧૬ ડિસે.ના રોજ એગ્રો ફૂડ પ્રોસેસીંગને લઈ આણંદ ખાતે યોજાનાર પ્રિ.વાયબ્રન્ટ સમીટમાં જિલ્લાના ૩૦૦ ખેડૂતો ભાગ લેશે.
- ગાંધીનગર મનપા દ્વારા ખ-રોડ તથા ગિફટસીટી રોડની સ્વચ્છતા તેમજ બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગરમાં તમામ બેંકો દ્વારા આજે એન.પી.એ.ને લઈ લોક અદાલત યોજાઈ હતી. સારી એવી રિકવરી થઈ હોવાના અહેવાલ છે.
- ગાંધીનગરમાં શાકભાજીના ભાવોમાં ઉછાળો થતાં હવે કરકસરને લઈ નગરજનોમાં ચિંતન શરૂ થયુ છે.
- શનિ-રવિની રજા અને લગ્નસરાની મોસમને લઈ ગાંધીનગર પ્રમાણમાં સૂમસામ લાગતુ હતુ.
- વોર્ડ નં. ૧૦ ના કાઉન્સીલરો આજે સે. ૬ ઈન્કવાયરી કચેરી અને સે. ૭ની ઈન્કવાયરી કચેરીએ ફરિયાદો સાંભળશે.
- શહેરની સ્વચ્છતા, રખડતા પશુઓ, સ્ટ્રીટલાઈટની ફરિયાદો વધી રહી છે.
- ગ્રામીણ વિસ્તારમાં પંચાયતોની ચૂંટણીમાં મિત્રમંડળની રાજનીતિ અને સોશ્યલ મિડિયાના માધ્યમથી પ્રચાર અભિયાન રંગ જમાવી રહ્યું છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૯૭૦૦ થી વધુ લોકોને આવરી લેવાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૯૮૧ અને શહેરમાં ૧૭૯૫ લોકોને આ અભિયાનમાં આવરી લેવાયા હતા.

# કેનેડાથી કોબા આવેલી ૫૧ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

**શહેરમાં કોરોનાના કેસની સંખ્યા ૨૧ થઈ : હાલ નવ એક્ટીવ કેસ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે વધુ એક કેસ નોંધાતા શહેરમાં કોરોનાના નવા કેસોની સંખ્યા ૨૧ પર પહોંચી છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ સર્વેલન્સની કામગીરી સઘન બનાવી છે. શહેરમાં નવા નોંધાયેલા કેસોમાં ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા દર્દીઓ વધુ છે.

મળતી વિગતો પ્રમાણે આજે કોબામાંથી ૫૧ વર્ષીય મહિલાનો એક કેસ મળ્યો છે. કેનેડા ખાતે સ્થિર થયેલ મહિલા દિપાવલી પર્વમાં ગુજરાત આવી હતી. અહિ આવ્યા પછી તેણીનીએ ચાર ધામની યાત્રા કરી હતી. છેલ્લે તેણીનીએ જગન્નાથ પુરીની મુલાકાત પણ લીધી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીએ વેક્સિનના બન્ને ડોઝ લીધેલા છે. જો કે કેનેડા પરત જવાનુ હોવાથી આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ફરજીયાત હોવાથી ટેસ્ટ કરાવતાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને કોઈપણ લક્ષણો કોરોનાના દેખાયા નથી.

શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે. લોકોની બેફિકરાઈ કોવિડ ગાઈડલાઈનના પાલન માટેહોવાથી તંત્રએ હવે સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે સૂચનો જારી કરી છે.

શહેરમાં મોટાભાગના એક્ટીવ કેસો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી માટે પણ મોનીટરીંગ અસરકારક રીતે કરવા તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે.

આજે નોંધાયેલ દર્દી સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૯ પર પહોંચી છે. છુટા છવાયા કેસો અને હોસ્પિટાઈઝેશન ઓછુ હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ સતર્ક બનેલા તંત્રએ વેક્સિનેશન અભિયાન અને સર્વેલન્સની કામગીરી અંગે લોકોમાં જાગૃતિ વધે તે દિશામાં વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.



વાયબ્રન્ટ સમિટ નજીક આવતા દબાણો હટાવવાની કામગીરી શરૂ કરાઈ છે. ગીફટ સીટી જતાં માર્ગને પણ પહોળો કરવામાં આવી રહ્યો છે. ધોળાકુવા નજીક અડચણ રૂપ દબાણો અને દુકાનોની આગળના શેડના દબાણોનેદૂર કરવામાં આવ્યા હતા.



**ગાંધીનગરના પાંચ શૈક્ષણિક સંકુલોમાં એબીવીપીએ શહીદોને શ્રધ્ધાંજલીના કાર્યક્રમ યોજ્યાં**

ભારતના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપીન રાવત તથા તેમના ધર્મપત્નિ મધુલિકા રાવત સહિત સૈન્યના ૧૧ અધિકારીઓ-જવાનોના તાજેતરમાં તામિલનાડુ ખાતે સર્જાયેલી હેલિકોપ્ટર દુર્ઘટનામાં થયેલા કરૂણ નિધનને પગલે દેશભરમાં શોકની કાલિમા છવાઈ જવા પામી છે. ગાંધીનગરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શહેરના વિવિધ પાંચ શૈક્ષણિક સંકુલો ખાતે આ ઘટનાના તમામ શહીદોને શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એબીવીપી દ્વારા આયોજિત આ કાર્યક્રમ શહેરની સમર્પણ કોલેજ, સરકારી વિજ્ઞાન કોલેજ, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ તથા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા એબીવીપીના કાર્યકર્તાઓએ ભાગ લઈને શહીદો માટે મૌન પાળી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# સ્થિર શાસન સ્પષ્ટ વિચારની વાત કરતા ઉપપ્રમુખે આઠ મહિનામાં ત્રણ વાર ચેમ્બર બદલી

**નવા સંકુલની જગ્યાને લઈ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખમાં મતભેદ**

ગાંધીનગર, તા. ૧૧

સ્થિર શાસન અને સ્પષ્ટ વિચારની વાતો કરતા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાની ૮ માસના ટુંકાગાળામાં જ ત્રણ વખત બેઠક વ્યવસ્થા બદલાતા જિલ્લાના રાજકીય વર્તુળોમાં તે મુદ્દો ચર્ચાનો બનીને ઉભર્યો છે.

વહીવટદારના શાસન વખતે ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની ઓફિસો અધિકારીઓને ફાળવી દેવાઈ હતી. આ પછી ચૂંટાયેલી પાંખ આવતાં જ ચેમ્બરોનો કકળાટ શરૂ થયો હતો.

ઉપપ્રમુખને ચેમ્બર આપવામાં આવી જ્યાં પહેલાં ડે. ડી.ડી.ઓ. બેસતા હતા. આ પછી ગુણવંતસિંહે ત્રાગુ કરતાં ઉપપ્રમુખની ચેમ્બર વહીવટીય પાંખે ખાલી કરાવી હતી અને તેમને ફાળવેલી ચેમ્બર કારોબારી સમિતિના ચેરમેનને ફાળવવામાં આવી.

આ પછી નાયબ જિલ્લા વિકાસ અધિકારીની બદલી થતાં તે ચેમ્બર મેળવવા કારોબારી ચેરમેને હઠાગ્રહ કરતાં તેમને ફાળવવામાં આવી હતી. ચેરમેનની ખાલી પડેલી ચેમ્બર મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેનને ફાળવવામાં આવી.

નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા પાંચ મહિના ખાલી રહ્યા પછી ભરાતાં હવે નવા નાયબ જિલ્લા વિકાસ અધિકારીને ક્યાં ચેમ્બર ફાળવવી તે પ્રશ્ન થયો.

જિલ્લા પંચાયત સંકુલમાં જગ્યા ઓછી છે અને બેસવામાં તકલીફો પડી રહી છે. મહિલા-બાળ વિકાસ સમિતિના ચેરમેનની ઓફિસ નવા ડે. ડી.ડી.ઓ.ને ફળવાઈ તો હોબાળો થયો. આખરે પંચાયત પ્રમુખે દરમ્યાનગીરી કરવી પડી. તાબડતોબ ઉપપ્રમુખને તેડાવ્યા, તેમને સમજાવ્યા અને ચેમ્બર નવા ડે. ડી.ડી.ઓ.ને ફાળવવાનો નિર્ણય લેવાયો.

સ્થિર શાસનની વાત કરનાર ગુણવંતસિંહની બેઠક વ્યવસ્થા હાલ પ્રમુખની ચેમ્બરમાં કરાઈ છે પણ તેમનુ કાર્યાલય જે રીતે અસ્થિર થયુ છે તેને લઈ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પંચાયત સંકુલ માટે નવી જગ્યા મેળવવા વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખે અલગ-અલગ રજુઆતો કરી છે એટલે સરકાર પણ આ મુદ્દે હાલ કોઈ ઉતાવળમાં નથી.

રાજકીય વર્તુળોમાંથી મળતા નિર્દેશો મુજબ મનપાની કચેરી નવા બિલ્ડીંગમાં શિફટ થયે તે પંચાયતને ફાળવી હાલના સંકુલને ડિપોલીસ કરી નવું સંકુલ બનાવાશે. જો કે મનપાની કચેરી ખાલી થાય ત્યારે તે જગ્યા તાલુકા પંચાયતને ફાળવવામાં આવે તેવી રજુઆતો પણ કલેકટર પાસે પડતર જ છે.

આમ ચેમ્બર, સંકુલ સહિતના મુદ્દાઓને લઈ રાજકીય ચર્ચાઓ ચાલી રહી છે.

# સે-૧૭ એક્ઝિબિશન સેન્ટરના આંતરિક માર્ગોનુ રીસરફેસીંગ હાથ ધરાશે

**વાઇબ્રન્ટને અનુલક્ષી માર્ગોના રીસરફેસીંગ પાછળ અંદાજિત રૂ ૨.૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે : છેલ્લા ત્રણ વર્ષથી વાઇબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરાયુ નથી ત્યારે આ માર્ગોની હાલત વધુ ઉબડ ખાબડ બની છે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણાની કામગીરી તિવ્ર ગતિએ હાથ ધરવામાં આવી છે. સે-૧૭ માં સમિટને અનુલક્ષી પ્રદર્શન સ્થળ પાસેથી પસાર થતા માર્ગને પણ ટુ લેનમાંથી ફોરલેન કરવાની કામગીરી પુર્ણતાના આરે છે જયારે હવે હેલીપેડ મેદાનના આંતરિક માર્ગાનુ પણ રીસરફેસીંગ હાથ ધરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૨.૬૦ કરોડનો ખર્ચ કરાશે.

ઓમીક્રોન વેરિયન્ટનો ફેલાવો વધી રહ્યો છે. જયારે કોવિડના વધતા ખતરા વચ્ચે ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કોવિડની સ્થિતિ સામે વાઈબ્રન્ટ સમિટ નહીં યોજવાનો નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી ત્યારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ સુધારણા, ફુટપાથ અને રંગરોગાન સહીત સુશોભનની કામગીરી પણ ચાલી રહી છે. શહેરમાં તમામ મુખ્યમાર્ગોનુ પેચવર્ક હાથ ધરાયુ છે જયારે મુખ્ય ઘ માર્ગનુ પણ રીસરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે. માર્ગો આસપાસની ફુટપાથને પણ રીપેરીંગ કરી રંગરોગાન કરવામાં આવી રહ્યો છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી આઈ પી મહાનુભાવો સે-૧૭ ના



ફાઈલ ફોટો

એકઝિબ્યુશન સેન્ટરની પણ મુલાકાત લેશે જેને ધ્યાનમાં રાખી આ વિસ્તારમાં પણ યુધ્ધના ધોરણે કામ ચાલી રહ્યુ છે.વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સે-૧૭ માં એકઝિબ્યુશન સેન્ટર પાસેથી પસાર થતા માર્ગને ટુ લેનમાંથી ફોર લેન કરી દેવાયો છે. જયારે આ કામગીરી હવે પુર્ણતાના આરે છે.

જયારે છેલ્લા ત્રણ વર્ષથી વાઈબ્રન્ટ સમિટ યોજવામાં આવી નથી અગાઉ વર્ષ ૨૦૧૯ દરમિયાન વાઈબ્રન્ટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેના લીધે સે-૧૭ સ્થિત એકઝિબ્યુશન સેન્ટર પર કોઈ કાર્યક્રમો યોજવામાં આવ્યા ન હતા જેના લીધે તેનો ઉપયોગ પણ થયો નથી આ સ્થિતિ વચ્ચે પ્રદર્શન સેન્ટરના માર્ગોની હાલત પણ ખરાબ થઈ ગઈ છે. હેલીપેડ મેદાનના આંતરિક માર્ગો પર ડામરની કાંકરીઓ ઉખડી ગઈ છે.

જયારે માર્ગ ઉબડ ખાબડ બન્યા છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રદર્શન સેન્ટરના માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. માર્ગ સુધારણા પાછળ અંદાજિત રૂ ૨.૬૦ કરોડનો ખર્ચ કરાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી એકઝિબ્યુશન સેન્ટરની સજાવટ માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. આ વિસ્તારમાં સફાઈ અને ટ્રીમીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે પ્રદર્શન સેન્ટરની વોલને પણ કલરકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે પ્રદર્શન સેન્ટરને જોડતા માર્ગને પણ ટુ લેનમાંથી ફોર લેન કરવા માટે કામ ગતિમાં ચાલી રહ્યુ છે આ માર્ગની સુધારણાના અંતે આ વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર પણ વધુ સરળ બનશે જયારે આ માર્ગ પર હનુમાન મંદિર પણ સ્થિત હોવાથી શનિવારે અને મંગળવારે પણ વિશેષ ટ્રાફિક જોવા મળે છે જયારે માર્ગ અપગ્રેડ થતા ટ્રાફિકની અવરજવર ઝડપી અને સલામત બનશે.

## ખાનગી બસવાળા પાસેથી હપ્તો ઉઘરાવતા છ લુખ્ખા ઝડપાયા

અમદાવાદ,તા.૧૧

શહેરના છેવાડે આવેલા સરખેજમાં હાઈવે પર ઉજાલા ચોકડીથી પસાર થતી ખાનગી બસોને રોકી ૨૦૦ રુપિયાનો હપ્તો પડાવતા છ લુખ્ખાને પોલીસે ઝડપી લીધા છે. અમદાવાદ શહેર પોલીસના ઝોન-૭ ડીસીપી પ્રેમસુખ ડેલુને આ મામલે ફરિયાદ મળી હતી. જેના આધારે તેઓ પોતે બસ ઓપરેટર બનીને ઉજાલા ચોકડી પહોંચ્યા હતા. જ્યાં એક આરોપી તેમની પાસેથી હપ્તો માગવા આવતા જ ડીસીપીની ટીમે તેને ઝડપી લીધો હતો. ૩ ડિસેમ્બરના રોજ કેટલાક ખાનગી બસ ઓપરેટર્સ ઝોન ૭ ડીસીપી પ્રેમસુખ ડેલુ પાસે ઉજાલા ચોકડી પર અસામાજીક તત્વો દ્વારા હપ્તા ઉઘરાવાતા હોવાની ફરિયાદ લઈને પહોંચ્યા હતા. ફરિયાદમાં જણાવાયું હતું કે સંજય ભરવાડ, દિનેશ ભરવાડ, મનીષ પટેલ, ધવલ પટેલ, વિશાલ પટેલ અને સંજય ભરવાડ નામના શખસો પોતાના કેટલાક મળતિયાઓ સાથે ઉજાલા ચોકડી પરથી પસાર થતી બસોને રોકીને ૨૦૦ રુપિયા પડાવે છે. બસ ઓપરેટર્સનો એવો પણ આક્ષેપ હતો કે આ અસામાજીક તત્વો પોતાની સાથે તલવાર, ડંડા તેમજ પાઈપો રાખે છે.

# રાજ્યમાં કોરોના વાયરસના નવા કુલ ૭૧ કેસ નોંધાયા

ગુજરાતમાં કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૭૧ કેસ નોંધાયા છે. એક સમયે એકાંકી બની ગયેલા કોરોનાએ ફરી ફૂંફાડો મારવાનું શરૂ કર્યું છે. તો બીજી તરફ ૨૭ દર્દીઓ રિકવર થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૪૫૫ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ ૯૮.૭૨ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર કોરોનાને મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૪,૧૫,૫૪૬ રસીના ડોઝ અપાઇ ચુક્યાં છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૫૨૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૧૬ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૪૫૫ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે. ૧૦૦૯૮ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે કોરોનાને કારણે આજે એક પણ વ્યક્તિનું મોત નથી થયું. આજે જામનગર કોર્પોરેશનમાં ૧૫, વડોદરા કોર્પોરેશનમાં ૧૩, અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, કચ્છ-નવસારીમાં ૪-૪, મહેસાણા રાજકોટ કોર્પોરેશનમાં ૩-૩, દેવભુમી દ્વારકા- વલસાડમાં ૨-૨ અને આણંદ, ગાંધીનગર કોર્પોરેશન, વડોદરા અને અમદાવાદમાં ૧-૧ કેસ નોંધાયા હતા. આ પ્રકારે કુલ ૭૧ કેસ નોંધાયા હતા.

બીજી તરફ રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૫ને રસીનો પ્રથમ, ૧૨૦૦ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૧૦૬૫ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૯૮૯૯૯ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૩૪૫૬૪ને રસીનો પ્રથમ જ્યારે ૨૭૦૭૦૩ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૪,૧૫,૫૪૬ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૫૨,૧૨,૩૩૨ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

**જોઈએ છે**

**કેપિટલ નર્સિંગ કોલેજ, મોટા ચિલોડા, તા. જિ. ગાંધીનગર**

C/o ઓમ લેન્ડમાર્ક સ્કુલની બાજુમાં ઓમ એજ્યુકેશન કેમ્પસ મોટા ચિલોડા, તા. જિ. ગાંધીનગર

- **સ્ટાફ** : પ્રિન્સિપાલ, પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ટ્યુટર
- **લાયકાત અને અનુભવ** : M.Sc. (નર્સિંગ) / B.Sc (નર્સિંગ) કાઉન્સિલ / યુનિવર્સિટીના નિયમો મુજબ
- **પગાર** : સરકારના નિયમ મુજબ તેમજ આપની લાયકાત અનુભવ પર્ફોમન્સ અને અપેક્ષા મુજબ

રસ ધરાવતા ઉમેદવારો મોબાઈલ નં. ૯૬૦૧૦૮૮૧૦ ઉપર સંપર્ક કરીને આવવું તેમજ savitabaomravalhospital@gmail.com પર બાયોડેટા મોકલવા.